# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના પોલીસના 11 હજાર 607 નવનિયુક્ત ઉમેદવારોને આજે નિમણૂક પત્રો એનાયત કરશે.**
2. **A.I. ટેક્નોલોજીની મદદથી બદનામ કરવાની પૂર્વ કૃષિ મંત્રી રાઘવજી પટેલે એક યુવાન સામે જામનગરમાં ફરિયાદ નોંધાવી**
3. **દરિયાઇ સીમામાંથી પાકિસ્તાન મરિને ઝડપેલા ગીર સોમનાથના માછીમારોને મુક્ત કરાવવા સરકાર સમક્ષ રજૂઆત**
4. **મોરબી મહાનગરપાલિકાની રચનાના એક વર્ષમાં પાંચસો પચાસ કરોડના વિકાસના કાર્યો હાથ ધરાયા**
5. **આગામી બેથી ત્રણ દિવસમાં રાજ્યમાં ફરી ઠંડીનો ચમકારો વધવાની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM NIMNUK PATR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ગુજરાત પોલીસના 11 હજાર 607 નવનિયુક્ત ઉમેદવારોને આજે નિમણૂક પત્રો એનાયત કરાશે.

ગાંધીનગરના રામકથા મેદાન ખાતે , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં તાજેતરમાં લોકરક્ષક કેડરની ભરતી અંતર્ગત પસંદગી પામેલા ઉમેદવારો 'પસંદગી પત્ર એનાયત કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે.

લોકરક્ષક કેડરમાં કુલ 11 હજાર 899 ઉમેદવારોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી , જે પૈકી 8 હજાર 782 પુરૂષ અને 3 હજાર 117 મહિલા ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે.

---

# CM TOURISM AWARD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે આયોજિત ટુરિઝમ એવોર્ડ - 2025માં ઉપસ્થિત રહ્યાં.

શ્રી પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, રણોત્સવ સમગ્ર વિશ્વ માટે આજે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વર્ષ 2024-25માં 10 લાખથી વધુ લોકોએ ધોરડો ખાતેના રણોત્સવની મુલાકાત લીધી છે ,જેને લીધે રાજ્યને 1 કરોડ 61 લાખથી વધુની આવક થઈ છે .

---

## RAGHAVJI PATEL

સોશિયલ મીડિયા પર ગુજરાત સરકારના પૂર્વ કૃષિ મંત્રી રાઘવજી પટેલના માન અને પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડતી પોસ્ટ મૂકવામાં આવી હતી. જે અંગે પૂર્વ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જામનગર જિલ્લા પોલીસ વડાને અરજી કરીને વિશાલ કણસાગરા નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

એટલું જ નહીં, આ શખ્સે અગાઉ અન્ય ટોચના રાજકિય નેતાઓ વિરુદ્ધ માનહાનિ પહોચાડતી પોસ્ટસ સોશિયલ મીડિયામાં વાયરલ કરી હોવાનું પૂર્વ કૃષિ મંત્રીએ ફરિયાદમાં જણાવ્યું હતું.

### બાઇટ- રાઘવજી પટેલ, પૂર્વ કૃષિમંત્રી

---

## FISHERMEN CAPT IN PAKISTAN JAIL

અરબી સમુદ્રમાં માછીમારી કરતાં ભારતીય માછામારોને પાકિસ્તાન મરિન દ્વારા પકડી લેવાય છે, ત્યારે ગીર સોમનાથ જિલ્લાના આવા 197 માછીમારો પાકિસ્તાન જેલમાં કેદ છે.

કોવિડના સમયગાળા દરમિયાન પાકિસ્તાન દ્વારા પકડાયેલા આવા માછીમારોને મુક્ત કરવા રાજપરા બંદરના સરપંચ ભરત કામલીયાએ સરકાર સમક્ષ રજૂઆત કરી છે.

### બાઇટ- ભરત કામલિયા, ગીરસોમનાથ

---

# MORBI MNP

મોરબી મહાપાલિકા અસ્તિત્વમાં આવી તેને એક વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યુ છે ત્યારે મોરબીમાં મહાપાલિકાના કમિશનરના અધ્યક્ષ સ્થાને પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમા છેલ્લા એક વર્ષ દરમિયાન મહાપાલિકાના કામની માહિતી આપતા કમિશનરે કહ્યુ કે , **550** કરોડ રૂપિયાના કામો મોરબી મહાપાલિકા વિસ્તારમાં કરવામાં આવ્યા છે.

## બાઈટ સ્વપ્નિલ ખરે, મોરબી મ્યુનિસિપલ કમિશનર

---

# DHAYN DIWAS BRAHMAKUMARIS

રાજ્યમાં બ્રહ્માકુમારી સંસ્થાની હીરક જયંતી નિમિત્તે અમદાવાદમાં આયોજિત ધ્યાન કાર્યક્રમમાં ભારતના અન્ય રાજ્યો અને 15થી વધુ દેશોના બે હજારથી વધુ લોકોએ ભાગ લઈને રવિવારે યોજાયેલા કાર્યક્રમમાં 60 હજાર જેટલા લોકોએ ધ્યાને ધરીને વિક્રમ સ્થાપિત કર્યો હતો.

---

# SUSHAN SAPTAH VADODRA AYUSHYMANT

ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગસ્થ અટલબિહારી વાજપેયીના જન્મદિનની **25** ડિસેમ્બરે ઉજવણી થશે. આ દિવસને ભારત સરકારે સુશાસન

દિવસ જાહેર કર્યો છે. ' અટલ નેતૃત્વ,અવિરત વિકાસ'ના ધ્યેયમંત્ર સાથે આ ઉજવણીનો રાજ્યમાં આરંભ થયો છે.

સુશાસન સપ્તાહના પ્રથમ દિવસે 'પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના' ની થીમ નક્કી કરવામાં આવી છે. ત્યારે વડોદરાના કવિતાબહેન ખિયાણીની હ્રદયની ગંભીર બિમારી હતી.

તબીબોએ કવિતાબહેનને ઓપન હાર્ટ સર્જરી માટે સલાહ આપી. આ સર્જરીનો ખર્ચ અંદાજે રૂ. 10 લાખનો થાય તેમ હતો, ત્યારે પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના જીવનદાન સમાન બની હોવાનું કવિતાબેન ખાયણીએ કહ્યું હતું.

**બાઈટ –કવિતાબહેન ખિયાણી, લાભાર્થી, PM-JAY યોજના**

---

## SABARKANTHA DIYABEN INOVATIVE ARTIST

સાબરકાંઠાના વડાલી તાલુકાના નાનકડા લખેડાકંપા ગામની દીકરી દીયાબેન સુરાણીએ પોતાની કલા અને કોઠાસૂઝથી સાબિત કરી દીધું છે કે , જો મક્કમ ઈરાદો હોય તો ગ્રામીણ વિસ્તારમાં રહીને પણ સારી પ્રોડક્ટ બનાવી શકાય છે.

દીયાબેન સુરાણી આજે જિલ્લામાં 'ઇનોવેટિવ આર્ટિસ્ટ' તરીકે ઉભરી આવ્યા છે. તેઓ આકર્ષક વોલપીસ અને વોલ હેંગિંગ્સ , યુનિક પેઇન્ટિંગ્સ અને કી-ચેઈન સહિત વિવિધ હોમ ડેકોરેશનની વસ્તુઓ તૈયાર કરે છે.

**બાઇટ- દિયાબેન સુરાણી, આર્ટિસ્ટ , સાબરકાંઠા**

---

## DRON DIDI HETAL VALA

ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા તાલુકાના સુંદરપરા ગામના રહેવાસી હેતલબહેન વાળા આ વિસ્તારના પહેલા ડ્રોન દીદી બન્યાં છે.

તેમણે ‘ડ્રોન દીદી’ તરીકેની તાલીમ મેળવી અને હવે મહિને 25 હજારથી વધુની કમાણી કરી સશક્ત અને સાચા અર્થમાં આત્મનિર્ભર બન્યાં છે.

**બાઈટ હેતલબેન વાળા લાભાર્થી**

---

## WEATHER

રાજ્યમાં આગામી 24 કલાક બાદ તાપમાનમાં 2થી 3 ડિગ્રી વધુનો ઘટાડો થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે રાજ્યભરનું વાતાવરણ આગામી 7 દિવસ સૂકું રહેશે. હાલમાં જે વાતાવરણ છે તેમાંથી તાપમાનનો પારો ગગડતા ઠંડીનો ચમકારો વધશે.

**બાઇટ- રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક , હવામાન વિભાગ**

---

## ARVALLI VOTER LIST

અરવલ્લી જિલ્લામાં મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે.

ગણતરીના આ તબક્કા દરમ્યાન જિલ્લાના કુલ 8 લાખ 58 હજાર 753 મતદારો પૈકી 27 હજાર, 133 મતદારો મરણ, 35 હજાર 833 સ્થળાંતર, સહિત

અન્ય કેટેગરીમાં મળી કુલ  72 હજાર 738 મતદારો **Uncollectable** કેટેગરીમાં નોંધાયેલ છે.

જેઓના નામ મુસદ્દા મતદાર યાદીમાં આવશે નહીં. આ તમામ મતદારોની ભાગ વાર યાદી જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી , મતદાર નોંધણી અધિકારીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી ખાતે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આગામી 10 ફેબ્રુઆરી 2026ના સમયગાળા સુધી મતદારોને નોટીસ પાઠવી સુનાવણી હાથ ધરી હક્ક દાવા અને વાંધા અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

ત્યારબાદ 17 ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અંતિમ  મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

---

## PATAN SCI. CENTRE–MATHS DAY

પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે રાષ્ટ્રીય ગણિત દિવસ નિમિત્તે સાપ્તાહિક ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં રાજ્યના નવ  જિલ્લાઓની 33 શાળાઓના 3 હજાર 500થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. ઉજવણી દરમીયન ,ગણિત આચાર્ય રામાનુજનના જીવન પર ડોક્યુમેંટ્રી-શો , ગણિત અને વિજ્ઞાન વચ્ચેના સંબંધ પર નિષ્ણાત ચર્ચા સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

---

# DRUGS CASES

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ડ્રગ્સ વિરુદ્ધ સઘન ઝુંબેશમાં ત્રણ દિવસમાં આઠ કેસ નોંધાયા છે. અમદાવાદ શહેરમાંથી નશાબંધીના દુષણને નાબૂદ કરવાના ચાલુ મિશનના ભાગરૂપે, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા 3 દિવસની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સપ્લાય ચેઈનને તોડવાનો, નાણાકીય નેટવર્કને ટાર્ગેટ કરવાનો અને રીઢા ગુનેગારોની ઓળખ કરવાનો હતો.

છેલ્લા 72 કલાકમાં ક્રાઈમ બ્રાન્ચે શહેરના વિવિધ વિસ્તારોમાં **NDPS** એક્ટ હેઠળ 8 નવા કેસ નોંધ્યા છે. 30થી વધુ જાણીતા ડ્રગ પેડલર્સને આંતરીને તેમની કડક પૂછપરછ અને બેકગ્રાઉન્ડ ચેકિંગ કરવામાં આવ્યું હતું. ડ્રગ્સ ઉપરાંત, "ગોગો" અને ગેરકાયદેસર ઇ-સિગારેટના વેચાણને લક્ષ્ય બના વીને પણ અનેક કેસ દાખલ કરવામાં આવ્યા છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ શહેરને ડ્રગ મુક્ત બનાવવા માટે કટિબદ્ધ છે. પોલીસ વિભાગે નાગરિકોને સતર્ક રહેવા અને નશાકારક પદાર્થોના વેચાણ અથવા વિતરણ સંબંધિત કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ કરવા વિનંતી કરી છે.

---